# નેપાળના ગૌરવપૂર્ણ ભૂતકાળમાં એક ડોકિયું

નેપાળ હાલમાં તેની આંતરિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રકારની સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યું છે. આંતરિક રીતે ત્યાંની વર્તમાન સરકાર પોતાના કાર્યકાળના 100 દિવસ પછી અગાઉ નિર્ધારિત કરેલા વાયદા પૂરા કરવામાં નિષ્ફળ નીવડી છે, એનો પ્રજામાં આક્રોશ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે નેપાળની વર્તમાન



સરકારનો ઝુકાવ ચીન તરફ વધી રહ્યો હોવાની ચર્ચા સતત થતી રહે છે. આ બંને મુદ્દે વિસ્તૃત ચર્ચા થઈ શકે પણ અહીં તે અસ્થાને છે. જોકે તેના જ નિમિત્તે અહીં આપણે જુદી વાત કરીએ. જે લોકો નેપાળની રાજાશાહી અને તત્કાલીન નેપાળની શાહી ગોરખા સેનાની શૂરવીરતાનો ઇતિહાસ જાણે છે તેમને નેપાળનું આમ ચીન તરફ ઝૂકવું ખટકે એ સ્વાભાવિક છે. આ વખતે નેપાળના આ જ ગૌરવવંતા ભૂતકાળની કરવી છે. આ નેપાળ એ એવું નેપાળ છે કે જે બ્રિટિશ સામ્રાજ્ય સામે પણ નમ્યું નહોતું. નેપાળની આ અડગ ટેકની વાત કરીએ ત્યારે યાદ આવે 1814થી 1816 દરમ્યાન થયેલી ઍંગ્લો-નેપાળ વૉર. આ યુદ્ધમાં છેવટે નેપાળની હાર થવા છતાં પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ પણ જાળવવામાં સફળ રહ્યું હતું. આ ઍંગ્લો નેપાળ વૉરને સંભારતા ત્રણ બાબતો ચોક્કસ યાદ આવે: એક, આ યુદ્ધ દરમ્યાન બે તબક્કામાં લડાયેલા ચાર નિર્ણાયક અને ભીષણ યુદ્ધ, તે પછી લગભગ તત્કાળ ધોરણે નેપાળ અને બ્રિટિશર્સ વચ્ચે



થયેલી સંધિ અને છેવટે 1923માં આ જ બંને પક્ષકારો વચ્ચે થયેલી સંધિ, જેમાં અગાઉની સંધિને રદ કરીને નવેસરથી સંધિ કરવામાં આવી હતી.

આ ત્રણેય બાબતો વારાફરતી જોઈએ. સૌપ્રથમ ચાર યુદ્ધની વાત કરીએ તો એ યુદ્ધ છે મકવાનપુરગઢીનું યુદ્ધ, જીતગઢનું યુદ્ધ, નાળાપાણીનું યુદ્ધ અને જૈથકનું યુદ્ધ. આ વૉરની શરૂઆતમાં અંગ્રેજોએ એવું જડબેસલાક પ્લાનિંગ કર્યું કે એ પ્લાનિંગની સામે નેપાળના ગોરખાઓ ન ફાવ્યા અને આ ચારેય વ્યૂહાત્મક યુદ્ધ મોરચે પહેલા તબક્કે હારનો સામનો કરવો પડ્યો હતો. પણ પછી

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

**21મી ડિસેમ્બર, 1923ના રોજ કાઠમંડુના સિંઘા દરબાર ખાતે આ જ બંને પક્ષકારો વચ્ચે નવેસરથી સંધિ થઈ અને આ બંને પક્ષકારો વચ્ચેના સંબંધોનું આખું ચિત્ર જ જાણે પલટાઈ ગયું હતું**

બીજા તબક્કે કેટલાંક યુદ્ધો નેપાળીઓ જીત્યા તો કેટલાંક હાર્યા પણ ખરા આ દરમ્યાન અંગ્રેજોએ આકરી શરતોએ સંધિ કરવાની વાત નેપાળીઓ સમક્ષ મૂકી પણ આકરી શરતોને કારણે એ પ્રસ્તાવ નેપાળીઓ માટે સ્વીકારવો શક્ય ન બન્યો. અવઢવની આ સ્થિતિનો લાભ લઈને અંગ્રેજોએ ફરી નેપાળ પર આક્રમણ કર્યું. આ વખતે નેપાળીઓ ડિફેન્સિવ બન્યા અને છેવટે સંધિ માટે રાજી થયા. આ પછી 4 માર્ચ 1816ના રોજ સુગાલીની સંધિ થઈ. જે મુજબ નેપાળે દાર્જિલિંગ સહિતનું સિક્કિમ, કુમાઉ, ગઢવાલ અને પશ્ચિમ તરાઈના પ્રદેશો ગુમાવ્યા. પણ મહત્ત્વની બાબત એ બની કે આ વિસ્તારો ગુમાવવા છતાં નેપાળે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવ્યું અને અંગ્રેજને પણ નેપાળ સ્વતંત્ર રહે એમાં વાંધો નહોતો. ઊલટું એમને તો વ્યૂહાત્મક લાભ હતો. એ ઉપરાંત પણ એક મહત્ત્વનું કારણ એ પણ હતું કે એક દેશ તરીકેના અસ્તિત્વ માટેના ચોક્કસ ભૌગોલિક વિસ્તાર અંગેના અંગ્રેજોના પોતાના ખ્યાલો હતા અને એ રીતે તેમને નેપાળની સ્વતંત્રતા ખપતી હતી. એ ઉપરાંત નેપાળ ભૌગોલિક રીતે ચીન સામેના બફર સ્ટેટ તરીકે કામ કરે તેમ હતું. એ સાથે આ યુદ્ધમાં નેપાળ ભલે હાર્યું છતાં તેના ગોરખાઓ જે બહાદૂરીથી લડ્યા હતા. તે જોઈને અંગ્રેજો દંગ રહી ગયા હતા અને તેમની સાથે સંધિ કરીને તેમને પોતાના લશ્કરમાં ભેળવવાનું આયોજન કરી રહ્યા હતા. આ બાબત ઐતિહાસિક રીતે પણ નોંધાયેલી છે. આ યુદ્ધ પછી થયેલી સુગાલીની સંધિ બંને પક્ષકારો વચ્ચે 1923 સુધી રહી હતી. પરંતુ 21મી ડિસેમ્બર, 1923ના રોજ કાઠમંડુના સિંઘા દરબાર ખાતે આ જ બંને પક્ષકારો વચ્ચે નવેસરથી સંધિ થઈ અને આ બંને પક્ષકારો વચ્ચેના સંબંધોનું આખું ચિત્ર જ જાણે પલટાઈ ગયું હતું. 1923ની આ નવી



સંધિની કેટલીક બાબતો નોંધવા જેવી છે. આ રીતે ઝોકું ચાર મુખ્ય બાબતો છે. એક, પરસ્પર સ્વીકાર, જેના કારણે આ બંને પક્ષકારો વચ્ચેના સંબંધો મૈત્રીપૂર્ણ બન્યા હતા. બે, અગાઉની સંધિમાં નેપાળની વિદેશનીતિ નક્કી કરવાનો અધિકાર અંગ્રેજો પાસે હતો, તે આ નવી સંધિ થકી નેપાળને પરત મળ્યો હતો. હવે નેપાળ વિદેશનીતિ અંગેના પોતાના નિર્ણયો સ્વતંત્ર રીતે લઈ શકે તેમ હતું. 1925માં આ સંધિની વિગતો સત્તાવાર રીતે લીગ ઓફ નેશન્સમાં નોંધાવવામાં આવી હતી, જેનાથી નેપાળને બ્રિટિશ સામ્રાજ્યના તાબેદાર રજવાડાના બદલે એક સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્રનો સત્તાવાર દરજ્જો પ્રાપ્ત થયો હતો. આ સાથે નેપાળને હથિયારો અને વેપાર અંગેના અધિકારો પણ મળ્યા હતા. જેના અંતર્ગત નેપાળ હથિયાર અને દારૂગોળોની આયાત કરીને દેશની સુરક્ષા માટે શાહી લશ્કરને વધુ મજબૂત કરી શકવા જેટલુ સક્ષમ બન્યું હતું.



# બોબી દેઓલ ‘એનિમલ’ થી ‘આલ્ફા’ સુધીમાં પ્રગતિ કરી શક્યો નથી!

આલિયા ભટ્ટ, શર્વરી, બોબી દેઓલ અને અનિલ કપૂર જેવા કલાકારો સાથે ફિલ્મ ‘આલ્ફા’ કેટલીક બાબતોમાં સફળ રહી છે તો કેટલીક બાબતોમાં દર્શકોની અપેક્ષાઓ પર ખરી ઉતરી શકી નથી. ભલે આ ફિલ્મે મહિલા પ્રધાન ફિલ્મોની સરખામણીએ સારો બિઝનેસ કર્યો હોય, પરંતુ YRF સ્પાય યુનિવર્સની અન્ય પુરુષ સુપરસ્ટાર્સવાળી ફિલ્મો (પઠાન, ટાઈગર 3, વૉર)ની સરખામણીમાં આ ઓપનિંગ સૌથી ઓછું છે. જો એ સ્પાય યુનિવર્સનો એક ભાગ ન હોત તો વીકએન્ડમાં રૂ. 35 કરોડ મળ્યા એનાથી અડધા પણ મળ્યા ન હોત. હવે તો ફિલ્મ ખરેખર હિટ છે કે ફ્લોપ એ નક્કી કરવું ટ્રેડ પંડિતો માટે મુશ્કેલ બની ગયું છે. સોશિયલ મીડિયા પર ફિલ્મોને ફ્લોપ સાબિત કરવાના ટ્રેન્ડના કારણે નિર્માતાઓ હવે રિલીઝ પહેલાં મોટું બજેટ બતાવે છે અને કલેક્શન ઓછું હોય તો બજેટ અડધું કરી દે છે, જેથી ફિલ્મ નુકસાનમાં ન દેખાય.

**ફિલ્મમાં દેશભક્તિની ગંભીર વાતો વચ્ચે અચાનક બિકીની સીન્સ અને ગીતો આવી જાય છે, જાણે સ્પાય એજન્ટ્સ મિશન પર નહીં પણ ગોવા પિકનિક મનાવવા ગયા હોય!**

‘આલ્ફા’નો પ્રથમ ભાગ ખૂબ જ રસપ્રદ અને વાર્તા પર કેન્દ્રિત છે. પાત્રોનો પરિચય, તેમનો પરસ્પર સંબંધ અને આલ્ફા પ્રોગ્રામનું આયોજન ખૂબ જ સરળ અને આકર્ષક રીતે રજૂ કરવામાં આવ્યું છે. જેના કારણે દર્શકો વાર્તા સાથે જોડાયેલા રહે છે અને સમય ક્યાં પસાર થઈ જાય છે તેની ખબર પડતી નથી. ફિલ્મનો બીજો ભાગ નબળો સાબિત થાય છે. કારણ કે ત્યાં વાર્તા આગળ વધારવાને બદલે માત્ર હાઈ-ઓક્ટેન એક્શન સિક્વન્સ અને બિનજરૂરી દ્રશ્યો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વાર્તામાં કેટલાક એવા ટ્વિસ્ટ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જે અતાર્કિક લાગે છે અને સ્પાય થ્રિલર હોવા છતાં ઘણી જગ્યાએ ખૂબ અનુમાનિત બની જાય છે. આ બાબત આ પ્રકારની ફિલ્મો માટે નકારાત્મક પાસું ગણાય. સ્પાય યુનિવર્સની આ ફિલ્મ મોટા કન્સેપ્ટ પર આધારિત હોવા છતાં નબળા લેખનને કારણે પડદા પર ખાસ પ્રભાવ પાડી શકી નથી.

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

‘વૉર 2’ના મિશ્ર પ્રતિભાવો અને હવે ‘આલ્ફા’ની સરેરાશ શરૂઆત પછી યશરાજ ફિલ્મ્સ માટે સ્પાય યુનિવર્સની આગામી ફિલ્મોના લેખન અને નિર્દેશનમાં મોટા ફેરફાર કરવા જરૂરી બનશે. જોકે, ભૂતકાળમાં ‘પઠાન’ કે ‘વૉર 2’ જેવી ફિલ્મોમાં પણ લોજિક વિનાના સીન્સ હતા, જેને લોકોએ થિયેટરમાં ખૂબ પસંદ કર્યા હતા! આ ફિલ્મમાં બે મહિલા કલાકારોને એક્શન ફ્રેન્ચાઈઝીના કેન્દ્રમાં રાખવાનો પ્રયાસ પ્રશંસનીય જરૂર છે, પરંતુ વાર્તામાં કોઈ નવીનતા નથી. ઉદય ચોપરા દ્વારા લખાયેલી આ વાર્તામાં તર્કનો ભારે અભાવ છે. એક આર્મી ઓફિસર (બોબી દેઓલ) દેશ વિરુદ્ધ આટલું મોટું મિશન ચલાવે છે અને એજન્સીઓને ખબર જ પડતી નથી, તે વાત ગળે ઉતરતી નથી. બોબી અને અનિલના પાત્રોને નબળા લેખનને કારણે વેડફી નાખવામાં આવ્યા છે.

કલાકારોના અભિનયની વાત કરીએ તો આલિયા ભટ્ટના કામ વિશે સમીક્ષકોમાં બે વિરોધાભાસી અભિપ્રાય છે. એક તરફ કેટલાકનું માનવું છે કે તેણે એક્શનમાં સારું કામ કર્યું છે અને સ્પાય યુનિવર્સની એક મોટી ફિલ્મને લીડ કરીને પોતાની કારકિર્દીને નવી ઊંચાઈ આપી છે. જ્યારે બીજી તરફ કેટલાક વિવેચકોનું માનવું છે કે તેણે પોતાના પાત્રને ખૂબ મોટું બતાવવાના ચક્કરમાં અતિશયોક્તિભર્યો અભિનય કર્યો છે અને સંવાદો રોબોટિક શૈલીમાં બોલ્યા છે. એ કારણે દ્રશ્યો નકલી લાગે છે. પહેલા દિવસે રૂ. 9.25 કરોડની કમાણી સાથે આ ફિલ્મ આલિયાની કારકિર્દીની 10મી સૌથી મોટી ઓપનિંગ મેળવનારી ફિલ્મ બની શકી છે. બીજી તરફ શર્વરીના અભિનયના ખૂબ વખાણ કરવામાં આવ્યા છે. શર્વરીએ ચોક્કસપણે પોતાનો અલગ અંદાજ બતાવ્યો છે. તે પડદા પર અત્યંત સ્વાભાવિક, જીવંત અને પ્રભાવશાળી દેખાય છે. તેના દ્રશ્યો આલિયા કરતાં પણ વધુ આકર્ષક સાબિત થાય છે.

બોબી દેઓલના પાત્રના વળાંકો અણધાર્યા હોવા છતાં નબળા લેખનને કારણે હાસ્યાસ્પદ લાગે છે. ‘એનિમલ’માં અવાજ વગર ડરાવનાર બોબી આ ફિલ્મમાં હરિયાણવી ડાયલોગ બોલીને વિલન ઓછો અને જોકર વધારે લાગે છે. અનિલ કપૂર સાથે જોડાયેલો ફેમિલી એન્ગલ પણ દર્શકો સાથે કોઈ ભાવનાત્મક જોડાણ સ્થાપિત કરી શકતો નથી. ક્લાઈમેક્સમાં આલિયા અને બોબી દેઓલ આમને-સામને આવે છે તે પણ બહુ પ્રભાવશાળી લાગતું નથી. જોકે, રિતિક રોશન એટલે કે ‘મેજર કબીર’નો કેમિયો ફિલ્મનો સૌથી શ્રેષ્ઠ અને રોમાંચક ભાગ કહી શકાય એમ છે. ભલે તે વાર્તામાં બહુ તાર્કિક રીતે ફિટ ન થતો હોય, પણ દર્શકોમાં જૂની યાદો તાજી કરે છે. સંગીત અને એક્શન કોરિયોગ્રાફીના થોડા વખાણ થયા છે, પરંતુ થિયેટરની બહાર નીકળ્યા પછી ગીતો લાંબા સમય સુધી યાદ રહે તેવાં નથી. ફિલ્મમાં દેશભક્તિની ગંભીર વાતો વચ્ચે અચાનક બિકીની સીન્સ અને ગીતો આવી જાય છે, જાણે સ્પાય એજન્ટ્સ મિશન પર નહીં પણ ગોવા પિકનિક મનાવવા ગયા હોય! ‘આલ્ફા’ એક એવી ફિલ્મ છે જે એક્શનના શોખીનો માટે એક વખત જોવા જેવી ટાઈમપાસ સાબિત થઈ શકે છે, પરંતુ તે અસાધારણ કે ‘વાહ!’ ક્ષણો પ્રદાન કરવામાં નિષ્ફળ રહી છે. પરિણામે સરેરાશ અથવા સરેરાશથી પણ ઓછી કક્ષાની ફિલ્મ તરીકે વર્ણવી શકાય એમ છે.

### ઓટોગ્રાફ!

**ફિલ્મ ‘આલ્ફા’ની શરૂઆત તો ધમાકેદાર એક્શનથી થાય છે પણ તેના અંત સુધી પહોંચતા પહોંચતા દર્શકો ભગવાનને પ્રાર્થના કરવા લાગે છે કે, ‘હે પ્રભુ, હવે આ સ્પાય યુનિવર્સનો અંત આવે તો સારું!’**

# સ્ત્રી તાડન... અને હવે પતિ તાડન...!

જો તમે એવું માનતા હો કે ભારતમાં શિક્ષણનું સ્તર ઊંચું આવ્યું હોવાથી હવે ઘરેલું હિંસાઓ ઘટી ગઈ છે, તો નીચેના આંકડાઓ પર નજર કરો. એક દેશવ્યાપી સર્વેમાં 40 ટકાથી ય વધુ મહિલાઓએ જણાવ્યું હતું કે તેમને પતિ દ્વારા ઘણીવાર મારવામાં આવે છે, અને 54 ટકા જેટલી મહિલાઓએ પુરુષ દ્વારા થતી એવી મારપીટને યોગ્ય ગણાવી હતી. આવો સર્વે આ અગાઉ 2005-2006માં પણ થયો હતો. ભારતના સૌથી મોટા રાષ્ટ્રીય પરિવાર આયોગના એ સર્વેમાં 28 રાજ્યોની 1.30 લાખ મહિલાઓની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં 41 ટકા મહિલાઓએ એવો અભિપ્રાય આપ્યો હતો કે સાસરાપક્ષનો અનાદર કરવા બદલ તેમને મારવામાં આવે તે અનુચિત નથી. એ ઉપરાંત 35 ટકા મહિલાઓએ બાળકોની ઠીક કાળજી ન લેવા બદલ તેમને મારવામાં આવે તેને ન્યાયી પગલું ગણાવ્યું હતું. સર્વેમાં જે 80,000 પુરુષોની મુલાકાત લેવામાં આવી હતી તેમણે નફ્ફટાઈપૂર્વક જવાબ આપ્યો હતો: “પત્નીની પિટાઈ કરવામાં કંઈ અજુગતું નથી..!”

“ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોપ્યુલેશન સ્ટડીઝ”ના ડૉ. સુલભા પરશુરામે 18 અન્ય સંસ્થાઓ સાથે મળી સર્વે કર્યો હતો. તેમણે ભારતીય મહિલાઓના આવા વલણને આઘાતજનક ગણાવ્યું હતું. આપણે ત્યાં છોકરીઓને ઠસાવવામાં આવે છે કે બિનઆજ્ઞાપાલક બનવા બદલ તેમને પતિ દ્વારા સજા કરવામાં આવે તે કોઈ રીતે અયોગ્ય નથી.

થોડા સમય પૂર્વે બરોડામાં એક પ્રેરણાદાયક ઘટના બની હતી. એક રોમિયો ટાઈપના ફટોર જુવાનિયાએ એક કોલેજકન્યાનો કારેલીબાગ વિસ્તારમાંથી પીછો કરી તેને સરદાર ભવનના ખાંચામાં આંતરીને કહ્યું: “મારે તારી સાથે પાંચ મિનિટ વાતો કરવી છે.” પણ યુવતીએ કોઈ રિસ્પોન્સ ન આપ્યો અને સ્કૂટર હંકારી મૂક્યું. જ્યુબિલી બાગથી આગળ જતાં રોમિયોએ ફરી તેને આંતરવાની કોશિશ કરી. યુવતીએ તેને



“ભાઈ” તરીકે સંબોધન કરી પીછો ન કરવાની ફરીથી વિનંતી કરી ત્યારે રોમિયોએ અશ્લીલ ઉચ્ચારણ કર્યા હતાં. યુવતીએ ફરી સ્કૂટર આગળ હંકાર્યું, તો રોમિયો ન્યાયમંદિરથી સુલતાનપુરા જવાના માર્ગ સુધી આવી ગયો હતો. યુવતીએ ફરી ફરી વિનંતી કરી તેનો પીછો ન કરવા સમજાવ્યો, પણ તેણે પીછો ચાલુ રાખ્યો. આખરે યુવતીનો પિત્તો ગયો. યુવતી બ્લેક બેલ્ટ કરાટે ચેમ્પિયન હતી. તેણે પેલાની બાઈકમાંથી ચાવી કાઢી લીધી અને કરાટેના દાવપેચ શરૂ કરી દીધા. પહેલી જ કીકે રોમિયો બેવડ વળી ગયો. તે જોઈને આસપાસના મુસાફરોએ પણ પેલાને ખોખરો કરવામાં યુવતીની મદદ કરી. રોમિયોની હાલત કફોડી થઈ ગઈ હતી.

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

ત્યારબાદ યુવતીએ 100 નંબર ઉપર ફોન કર્યો એટલે ગુનાશોધક પોલીસ ઈન્સ્પેક્ટર આવી પહોંચ્યા. તેમણે પેલાને પકડીને વડા પોલીસ મથકે મોકલી આપ્યો અને પેલી યુવતીની હિંમતને દાદ આપી.

એક આડ વાત કરી લઈએ. પ્રમોદ મહાજનનો લાડકો પુત્ર રાહુલ મહાજન ટીવી પર ઘણીવાર દેખા દે છે. તેમના ત્રીજા લગ્ન થયા છે. તેમણે અઢી મહિનામાં જ પત્નીને ઢીબવા માંડી હતી. પણ પૈસાના જોરે તેમનો વાળ વાંકો થતો નહીં. મુંબઈમાં ડિવોર્સ સ્પેશિયાલિસ્ટ વકીલ વસંતકુમાર કહે છે: “પતિ પત્નીને મારે છે તે હવે જૂની વાત છે. હવે તો માથાભારે પત્નીઓ પણ પુરુષને મારતી થઈ ગઈ છે..!”

વર્ષો પહેલાં નારી કેન્દ્ર ચલાવતા સોનલબેન શુક્લ જણાવે છે: “પતિ તેની પત્નીને મારતો હોય તે અંગેની ફરિયાદ લઈને પોલીસમાં જઈએ તો પોલીસો જલ્દીથી ફરિયાદ પણ નોંધતા નથી. બલકે પોલીસો સામેથી પરખાવે છે કે: ‘પતિ નહીં મારે તો બીજું કોણ મારશે?’ આજે મુંબઈમાં એવી સેંકડો સ્ત્રીઓ છે, જેનો પતિ કંઈ કામનો ના હોય છતાં પત્નીના પૈસાથી દારૂ પીએ છે અને પત્નીને મારે ય છે. એ જ પતિ બીજે દિવસે સવારે દારૂ માટે પૈસા માંગે ને પત્ની ન આપે તો ઢોર માર ખાવો પડે છે.

એક એડવોકેટની પુત્રી કાપડબજારના એક ધનિક વેપારીપુત્ર સાથે પરણેલી. લગ્નમાં ખૂબ ખર્ચ કરેલો. પણ એડવોકેટની પુત્રી મારઝૂડથી કંટાળી પિતાના ઘરે પાછી આવી ગઈ. આશ્ચર્ય એ વાતનું હતું કે પોલીસમાં ફરિયાદ કરવાને બદલે એ વકીલ બાપ દીકરીની કુંડળી લઈને એક જ્યોતિષ મિત્રને ત્યાં ગયા.

દોસ્તો, આજે પણ દીકરીને તેનો પતિ મારે કે દુઃખ આપે ત્યારે તેના ગ્રહો નબળા છે એમ માની માબાપ જ્યોતિષ પાસે જાય છે. જોકે આજે તો હવે સ્ત્રીઓમાં ઘણી હિંમત આવી ગઈ છે. ન્યૂયોર્કથી એક “જર્નલ ઓફ કન્સલ્ટિંગ એન્ડ ક્લિનિકલ સાયકોલોજી” નામનું મેગેઝિન પ્રગટે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ પતિ-પત્ની કહેતા હોય કે અમારે કદી

**જે પતિ-પત્ની મુક્તપણે એકમેક પર ગુસ્સો કરે ત્યારે સમજવું કે દિલની વરાળ નીકળી ગઈ છે અને હવે પ્રેમ જળવાઈ રહેશે...શરત એટલી કે ગુસ્સામાં પણ પ્રમાણભાન હોવું જોઈએ**

ઝઘડા થતાં જ નથી, તો માનજો કે તેઓ ડંફાસ મારે છે. મનોવિજ્ઞાનીઓ કહે છે: “આવા કપલોના લગ્નજીવનમાં પાછળથી મોટી તકલીફો ઊભી થાય છે. પરંતુ જે પતિ-પત્ની મુક્તપણે એકમેક પર ગુસ્સો કરે ત્યારે સમજવું કે દિલની વરાળ નીકળી ગઈ છે અને હવે પ્રેમ જળવાઈ રહેશે..!” શરત એટલી કે ગુસ્સામાં પણ પ્રમાણભાન હોવું જોઈએ..!

### ધૂપછાંવ

મુંબઈના એક જાણીતા મનોવૈજ્ઞાનિક કહે છે કે પત્ની પર વારંવાર હાથ ઉપાડતા પતિને કોઈ અન્ય સાયકોલોજિકલ સમસ્યા હોય તો સૌ પ્રથમ તે ઉકેલવી જોઈએ. પતિ-પત્ની ભલે કંકાસ કરે પણ ભૂલ સમજાય તો તેનો સ્વીકાર કરીને માફી માગી લેવી જોઈએ. પોતાની જવાબદારીમાંથી છટકવાની કોશિશ કરવાથી વાત બગડી જાય છે. આડો સંબંધ હોય તો તેની કબૂલાત પણ કરી લેવી જોઈએ. પતિ-પત્ની ભલે કંકાસ કરે પણ ભૂલ સમજાય તો તેનો સ્વીકાર કરી માફી માગવામાં વિલંબ કરવો જોઈએ નહીં. સામી વ્યક્તિ અમુક રીતે વિચારે છે અથવા તે અમુક ઈરાદાઓ ધરાવે છે એવો આક્ષેપ કરવો જોઈએ નહીં. સામાનું આત્મસન્માન ઘવાય કે તેનો ચોખ્ખો તિરસ્કાર થાય તેવા કડવા વાક્યો બોલવાને બદલે ક્ષમાભાવ રાખી સમાધાનકારી વૃત્તિ રાખવી. આવી સમજદારી રાખવામાં આવે તો લગ્નજીવન પુનઃ પુલકિત થઈ શકે છે.